સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે
મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોપર અનાજ જાળવણી
માટે ગેલ્વેનાઇઝ કન્ટેનરની ખરીદવા માટે રુ.૭૬૪.૯૭
લાખની વહિવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૨૧૪ /આર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૮ /૦૭ /૨૦૧૪

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૭/૦૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક-મભય-૧૦૨૦૧૦/૪૬(૨)/૨

(૨) કમિશ્નરશ્રી, મ.ભો.યો.ના તા. ૨૧/૦૪/૨૦૧૪ ના પત્ર ક્રમાંક:મભય/અમલ/વશી/૬૧૯ /૩૪૩૧-૩૨ અને કમિશ્નરશ્રી, મ.ભો.યો.ના તા. ૧૪/૦૫/૨૦૧૪ ના પત્ર ક્રમાંક:મભય/અમલ/વશી/૭૦૦/૩૯૫૯

ઠ રા વ-

સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે ક્રમ નં.(૬)માં દર્શાવેલ મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોને અનાજ જાળવણી માટે ગેલ્વેનાઇઝ કન્ટેનર ખરીદવા માટે રુ.૭૬૪.૯૭ લાખની જોગવાઇ માંથી સંદર્ભ-(૨)ના દર્શાવેલ કમી.મ.ભો.યોના તા. ૨૧/૦૪/૨૦૧૪ અને તા. ૧૪/૦૫/૨૦૧૪ પત્રોથી ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ પાસેથી ગેલ્વેનાઇઝ કન્ટેનર ખરીદવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨/ પુખ્ત વિચારણાને અંતે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ પાસેથી ગેલ્વેનાઇઝ કન્ટેનર તેના એગ્રો સર્વિસ સેન્ટર બેઠાના એક સેટની રુ.૨૫૦૦/-ની મર્યાદામાં (એક સેટમાં ૫૦ કિલો ગ્રામના,૧૦૦ કિલો ગ્રામના અને ૨૦૦ કિલો ગ્રામની સંગ્રહ શક્તિવાળા કન્ટેનરોનો સમાવેશ છે.)ખરીદવાની આથી નીચે મુજબની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેની ખરીદીની કામગીરી વગેરે માટે આ વિભાગના સંદર્ભ-(૧)માં દર્શાવેલ તા.૧૭/૨/૨૦૧૪ના ઠરાવની શરતો અનુસરવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ આ માટેની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩)આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકિય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહિ.બાકી રહેતી બચત રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ ખર્ચ તા.૧/૮/૨૦૧૪ થી કરવાનો રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનું રહેશે.

૪/ આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૧/૬/૦૧૪અને નાણાં સલાહકારશ્રી(શિ.)ની તા. ૧૮ /૦ ૭ /૨૦૧૪ની અનુમતિની બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી.બી.પંડયા )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રા.શિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (પ્રા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર
-- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.
-- એમ.ડી..ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ,ઉદ્યોગ ભવન,જુની હાઇકોર્ટ સામે,નવરંગપુરા,અમદાવાદ
-- સર્વે નાયબ કલેકટરશ્રીઓ( મ.ભો.યો.),
-- સર્વે જિલા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ. } કમિશ્નરશ્રી,મ.ભો.યો,મારફતે
-- સર્વે જિલા તિજોરી અધિકારીઓ.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.